
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

### આજે રાશિ તુલા

**આજના ગ્રહોની કુંડળી**




**સાંજે સાડા પાસે ચંદ્ર રાશિ બદલીને વૃશ્ચિકમાં આવે છે. ચાંડાલ યોગ અને કાલસર્પ ચાલુ છે. ભારતના વડાપ્રધાન સ્વ. મોરારજી દેસાઈની જન્મ જયંતિ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** અગિયારમે સૂર્ય મહાવિજય યોગ કરે છે. સાતમે ચંદ્ર - દસમે બુધ - શુક્રની યુતિથી શુભ ગ્રહોની શુભ અસરો હોઈ આજનો તમારો દિવસ ઉત્તમ જશે.

**વૃષભ** સાથી કર્મચારીઓ - કૌટુંબિક સભ્યો - મિત્રવર્તુળના સભ્યો સાથે વાદવિવાદમાં ઉતરવું પડે. તમો જ સાચા છો એવું જીદ્દી વલણ અપનાવશો જે હિતાવહ નથી.

**મિથુન** દિવસ સારો જાય તેવા યોગો છે. કૌટુંબિક વાતાવરણ સારું રહેશે. પત્નીની માંગણીઓ - ઈચ્છાઓ પૂરી કરશો તો આનંદમાં રહેશો.

**કર્ક** શુભગ્રહોની સાતમાની યુતિ તથા ચોથા સ્થાનની ચંદ્રની સ્થિતિના કારણે આજે તમો મન - વચન - કર્મથી પવિત્ર અને ધાર્મિક પ્રવૃત્તિઓ કરશો.

**સિંહ** સાતમે સૂર્ય તમારી રાશિનો માલીક છે અને રાશિને જુએ છે તેથી તમારી રાશિના જાતકો પ્રભાવશાળી - વ્યક્તિત્વથી દીપી ઊઠશે - તમારા વિચારોને દૃઢતાથી અમલમાં મૂકો.

**કન્યા** તમારા વર્તુળમાં આજે તમો અપ્રિય ન થાઓ તે જોશો - જીદ્દી વલણ અખત્યાર ન કરશો - સામાને સાંભળીને વિચારીને તમો બોલશો તો હિતાવહ છે.

**તુલા** રાશિમાં ચંદ્ર તમોને આજે તમારા સગા - મિત્રો - કુટુંબના સભ્યોમાં લોકપ્રિય નીવડો તેવી સ્થિતિનું નિર્માણ કરશે. તમારાં સ્વજનો તમારાથી ખુશ રહેશે.

**વૃશ્ચિક** આજે સાંજ પછી આપની રાશિમમાં ચંદ્ર પ્રવેશ કરે છે જે વિષયોગ અને ચંદ્રમ ાંગલ્ય યોગ એમ બે યોગ કહે છે. સાંજ પછીનો સમય સારો જશે.

**ધન** સાંજ પછી બારમે ચંદ્ર માંગલ્ય યોગ થાય છે જે આપના આખા દિવસની ગુસ્સાને નાબૂદ કરશે. સાંજ પછીનો સમય સારો જશે. બુધ શુક્રની બીજા સ્થાનની યુતિ લાભ કરાવશે.

**મકર** રાશિમાંથી બુધ બે દિવસ પછી બદલાવાનો હોવાથી હવે તમો શુક્રની અસરો હેઠળ થોડા વધુ ખર્ચાળ અને શોખીન થશો - સાચવીને વ્યય કરવો.

**કુંભ** રાશિમાં સૂર્ય ને કેતુની યુતિના કારણે તમારું વ્યક્તિત્વ પ્રભાવશાળી ઉપસી આવશે - તમારા વર્તુળમાં બીજા લોકો તમોને માન આપશે.

**મીન** શરદી - સળેખમ - વાઈરલ - કફમાંથી સાંજ પછી તમોને મુક્તિ મળશે - સાંજ પછીનો સમય તમારા માટે ઉત્તમ આનંદદાયક રહેશે.




## પ્રાંતિજ અંબુજા ફેક્ટરીના ગોડાઉનમાં આગ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વૃંદાવન પાસે આવેલ અંબુજા ફેકટરીમાં કોઈ કારણોસર આગ લાગતા આગમાં કરોડોનું નુકસાન થવા પામ્યુ છે. પ્રાંતિજ-હિમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના વૃંદાવન પાસે આવેલ અંબુજા ફેકટરીમાં આવેલ ગોડાઉનમાં રાત્રીના સમયે કોઈ કારણોસર આગ લાગતા ભાગદોડ મચી જવા પામી હતી અને જોત જોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ગોડાઉનમાં રહેલ કપાસની ગાંસડીઓ બળીને ખાખ થઈ ગઈ હતી. જયારે પ્રાંતિજ-હિંમતનગર ફાયર ફાયટર પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આગ ઉપર કાબુ મેળવ્યો હતો પણ રાત્રીના ત્રણથી સવારના દશ વાગ્યા સુધીમાં તો ગોડાઉનમાં રહેલ કરોડોનો માલ આગમાં સ્વાહા થઈ ગયો હતો. જો કે આગના કારણે કોઈ જાનહાની ના થતાં જિલ્લા તંત્ર સહિત સ્થાનિક તંત્રએ પણ રાહતનો દમ લીધો હતો જયારે આગ કઈ રીતે અને કયા કારણોસર લાગી એ તો તપાસ બાદ જાણવા મળશે.

## ભ્રષ્ટાચાર મુક્તિ માટે ભારત ભ્રમણે નીકળેલા સાયકલસવારનું મોડાસામાં સ્વાગત

મોડાસા તા. ૨૮

સમગ્ર દેશ ભ્રષ્ટાચારના ભરડામાં ભીસાઈ રહ્યો છે. દેશના યુવાનો નાગરીકોને સરકારી કચેરીઓમાં નોકરી માટે કે કામકાજ અર્થે જરૂર પડે ત્યારે ભ્રષ્ટાચાર વગર કોઈ જ કામકાજ થતુ નથી. ત્યારે ઉત્તર પ્રદેશનો સુદર્શન પ્રસાદ વિશ્વકર્માનો યુવાન ભ્રષ્ટાચાર મુક્ત દેશ બનાવવા માટે તેમજ ભ્રષ્ટાચાર વિધેયક નિવારણ બિલ ૨૦૧૫માંપાસ કરાવવા માટે સાયકલ પર ભારત ભ્રમણે નીકળી અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં પ્રવેશતા મોડાસા શહેરની અગ્રણી શૈક્ષણિક સંસ્થા શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ દ્વારા ઉષ્માભેર સ્વાગત કરાયું હતું.

ઉત્તરપ્રદેશના છોટી કાશીના જનપદ સંત કબીરના યુવાને દેશમાં ચાલતા ભ્રષ્ટાચાર સામે લડત ચલાવવા અને દેશને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવાના ઉમદા હેતુથી ૧૮ મે ૨૦૧૫ના રોજ ભારતભ્રમણ સાયકલ દ્વારા રાષ્ટ્રધ્વજ લહેરાવી પ્રસ્થાન કર્યુ હતુ. સુદર્શન પ્રસાદ વિશ્વકર્મા નામનો યુવાન અત્યાર સુધી ૭ રાજ્યોનો ૩૬૪૩૯ કિમીનો પ્રવાસ ખેડી માર્ગ પર આવતા ગામડાઓ અને શહેરો તેમજ જિલ્લા વડામથકમાં દરેક પ્રજાજનોને રૂબરૂ મળી ભ્રષ્ટાચાર અંગે જાગૃતિ ફેલાવો, ભ્રષ્ટાચારીઓ સામે લડત આપવા લોકોને સમજાવી રહ્યો છે. ગુરૂવારે બપોરે સાયકલ ભ્રમણ કરતો યુવાન અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક જોષીએ સુતરની આંટી પહેરાવતા યુવાન ભાવવિભોર બની ગયો હતો અને ઉપસ્થિત શાળાના બાળકોને સમજાવતા સુદર્શન પ્રસાદે જણાવ્યું હતુ કે સમગ્ર દેશમાં હું ૧૦૦૦૦૦ (એક લાખ કીમી) પ્રવાસ ખેડી દિલ્હીના



મોડાસા શહેરમાં પ્રવેશતા અને ભ્રષ્ટાચાર મુક્ત દેશના મિશનને સમર્થન આપવા મોડાસા શહેરમાં ૬૦ વર્ષથી સતત શૈક્ષણિક સેવાઓ પુરૂ પાડતી શ્રી સરસ્વતિ બાલમંદિર મંડળના પ્રમુખ નિલેષભાઈ જોષી અને ડીપ શાળાના આચાર્ય, શિક્ષણ ગણ અને વિદ્યાર્થીઓ દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. નિલેષભાઈ રામલીલા મેદાનમાં ભ્રષ્ટાચાર મુક્ત દેશ બનાવવા અને ભ્રષ્ટાચાર વિધેયક નિવારણ બીલ ૨૦૧૫માં પાસ કરાવવા જાહેરસભા યોજી સરકારને મજબુર કરવાના પ્રયત્નો કરી રહ્યો છુ. અને મારૂ જીવન દેશ માટે છે. મારા માટે નહી અને દેશને ભ્રષ્ટાચારના માર્ગ પરથી શિષ્ટાચારના માર્ગ પર લાવવો એજ મારો ધ્યેય છે.

## બનાસકાંઠામાં કુદરતી આપત્તિમાં થયેલ નુકશાન સર્વેમાં ગેરરીતીની ફરિયાદ

ડીસા, તા. ૨૮

બનાસકાંઠામાં સાત માસ અગાઉ થયેલ ભારે વરસાદ બાદ થયેલ વ્યાપક નુકશાનમાં સરકારે જમીન ધોવાણમાં પીડિત ખેડૂતોને સહાયની રકમ ચુકવી હતી, જેમાં ડીસા તાલુકાના રાણુર ગામે પણ ૧૨ જેટલા વિવિધ પીડિતોને જમીન ધોવાણ સર્વે બાદની સહાય ચુકવાઈ હતી, જો કે આ સહાય ચુકવણીમાં ગેરરીતી આચરાયેલી હોવાની સ્થાનિક આગેવાન કલ્યાણભાઈ રબારીએ ફરિયાદ કરતા આ મામલે સીટ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાતા ચકચાર મચેલ છે.

**બનાસકાંઠા કલેક્ટર અધ્યક્ષતાએ રચિત 'સીટ' દ્વારા તપાસ : રાણપુર સહીત અનેક ગામોમાં ગેરરીતિની ફરિયાદીનો આક્ષેપ : ગુજરાત લેન્ડ ડેવલોપમેન્ટ અધિકારીઓએ ખોટો સર્વે અને ખોટુ ચુકવણું કર્યું છે : કલ્યાણભાઈ રબારી**

આ ઘટનાની વિગત જોઈએ તો ડીસા તાલુકાના રાણપુર ગામે સાત માસ અગાઉની કુદરતી હોનારતમાં કેટલાક ખેડૂતોના ઉભા પાક નાશ પામ્યા હતા. અને પુરના વહેંણાં અનેકો હેક્ટર ફળદ્રુપ જમીનનું ધોવાણ થયું હતું. જેમાં સરકારના ગુજરાત લેન્ડ ડેવલપમેન્ટ વિભાગના અધિકારીઓ દ્વારા ડીસા તાલુકાના રાણપુર ગામના ૮, ૧૧, ૭૬, ૮૯, ૯૨, ૧૪૧, ૧૬૫, ૧૮૬, ૧૮૭, ૧૯૨ સર્વે નંબરનું સર્વે હાથ ધરાયું હતું. ગામની ભૌગોલીક સ્થિતિ જોતા પાણી એક સર્વે નંબર છોડી કુદકો મારી બીજા આજુબાજુના અન્ય સર્વે નંબરમાંથી ચાલે અને જમીન ધોવાણ કરે તે શક્ય નથી, જેથી જમીન વિકાસ નિગમ દ્વારા કરાયેલા આ સર્વેમાં ગેરરીતી આચરાયેલી હોવાનો આક્ષેપ કરી રાણપુર ગામના આગેવાન કલ્યાણભાઈ રબારીએ સરકાર અને જિલ્લા કલેક્ટર સમક્ષ સમગ્ર મામલાની ન્યાયિક તપાસ કરવા અને દોષિતો સામે કાર્યવાહી કરવાની માંગ સાથેની ફરિયાદ કરી હતી. જેમાં આ ગંભીર મામલો હોઈ સીટમાં તપાસ અર્થે સોપાયો હતો. હાલ આ મામલાની સીટ ગંભીરતાએ તપાસ કરી રહી છે ત્યારે કુદરતી હોનારતમાં જમીન ધોવાણના સર્વે અને થયેલ ચુકવણી ઉપર અનેકો સવાલ ઉભા થયા છે.

જ્યારે આ મામલે ફરિયાદી કલ્યાણભાઈ રબારીએ જણાવેલ કે સરકાર અને આ કેસની તપાસ કરતી સીટ માત્ર ડીસા નહી પણ સમગ્ર જિલ્લાના જમીન ધોવાણ કેસોમાં થયેલા સર્વેની ન્યાયીક તપાસ કરાવે તેવી મારી માંગ છે. જેથી દોષિત લોકોને કાયદાની સજા જ્યારે સરકારી સહાયથી વંચિત રહેલા ખેડૂતોને ન્યાય અને સહાય મળે.

આમ અંદાજે સાત માસ બાદ આ મામલે વ્યાપક ગેરરીતિઓની ફરિયાદ થતાં અને સીટ દ્વારા તપાસ કરાતાં સમગ્ર મામલો ગરમાયો છે.

## કાંકણોલ પાસે કાર પલટી ખાઈ જતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના કાંકણોલ પાસેથી રવિવારે વહેલી સવારે ગાંભોઈથી હિંમતનગર આવી રહેલ એક કારના ચાલકે બ્રેક મારતા અચાનક તે પલટી ખાઈ ગઈ હતી. જેના કારણે કારમાં બેઠેલા ચાર પૈકી એકનું મોત નિપજ્યું હતું. તેમજ અન્ય ત્રણ જણાને ઈજા થતાં તેમને સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. જે અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ રવિવારે વહેલી સવારે ગાંભોઈથી હિંમતનગર તરફ આવી રહેલ કાર નં. જીજે.૯.એજી.૦૩૦૧ના ચાલક હરપાલસિંહ ગંભીરસિંહ સિસોદીયા કાંકણોલ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે બ્રેક મારતા કાર પલટી ખાઈ ગઈ હતી. જેના કારણે કારમાં બેઠેલા સારંગ સુરેશભાઈ જૈન (રહે. ગિરધરનગર, હિંમતનગર)નું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું.

ઉપરાંત કારમાં બેઠેલા જૈમિન જીવણભાઈ પરમાર (ચાંદરણી), રાકેશભાઈ જગાજી માજીરાણા (ભીલવાસ, હિંમતનગર) અને કાર ચાલક હરપાલસિંહને ઈજા થતાં ત્રણેયને સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. અકસ્માતની ઘટના અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસે કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કાંકણોલમાં એક જ રાતમાં ત્રણ મંદિર અને ગ્રામ પંચાયતના તાળા તુટ્યા

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના કાંકણોલ ગામમાં શનિવારે રાત્રે અજાણ્યા તસ્કરોએ ત્રાટકીને ત્રણ મંદિર તથા ગ્રામ પંચાયતની કચેરીના તાળા તોડી ગામમાં હાહાકાર મચાવી દીધો છે. જે અંતર્ગત રવિવારે એ-ડીવીઝન પોલીસે તપાસ હાથ ધરી હતી.

આ અંગે સરપંચ કોકીલાબેન પટેલ, તલાટી વી.એન. પાંડવ તથા માજી સરપંચ મણીભાઈ પટેલના જણાવાયા મુજબ કાંકણોલમાં આવેલ નિલકંઠ મહાદેવ, મહાકાળી મંદિર, ચામુંડા માતાજીનું મંદિર તથા ગ્રામ પંચાયત તળાવના કિનારે આવેલ છે ત્યારે શનિવારે રાત્રે અજાણ્યા તસ્કરોએ તળાવની સરંક્ષણ દિવાલ કુદીને પંચાયતમાં આવી દરવાજાના તાળા તોડી કોમ્પ્યુટર રૂમ, સભાખંડ અને તલાટીની રૂમમાં રાખવામાં આવેલ તિજોરી તોડી રેકર્ડ તથા અન્ય કાગળો રફેદફે કરી નાખ્યા હતા. તેમ છતાં તસ્કરોને કઈ હાથ લાગ્યુ ન હતુ. જેથી તેઓ બાજુમાં આવેલ ચામુંડા માતાજીના મંદિરની દાનપેટી તોડી કેટલીક રોકડ ચોરી કરીને લઈ ગયા હતા.

ઉપરાંત તસ્કરોએ નિલકંઠ મહાદેવ અને મહાકાળી માતાજીના મંદિરના પણ તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. પરંતુ કઈ હાથ લાગ્યુ ન હતુ. જેથી તસ્કરોને ફેરો પડ્યો હતો. ત્યારબાદ આ અંગે તલાટી વી.એન પાંડવ દ્વારા રવિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ હતી. ગ્રામજનોની માંગણી છે કે કાંકણોલ ગામનો હિંમતનગરમાં સમાવેશ થયેલ છે ત્યારે પોલીસ દ્વારા રાત્રી પેટ્રોલીંગ સઘન બનાવવું જોઈએ. ચોરીની ઘટના બાદ પોલીસે ડોગ સ્કવોર્ડ અને એફએસએલની મદદ લઈને આગળની તપાસ હાથ ધરી છે.

## પ્રોજેક્ટ જ્યોતિ : ઉર્જાના રિન્યુએબલ સ્ત્રોતો દ્વારા મહિલા સશક્તિકરણ

ગ્રામ્ય વિસ્તારની મહિલાઓનું ઉર્જાના રિન્યુએબલ સ્ત્રોતોના ઉપયોગ દ્વારા સશક્તિકરણ કરવા માટે કોકાકોલા ફાઉન્ડેશન તેના સહયોગીઓ મહિલા સેવા ટ્રસ્ટ અને એમ્પ્લોઈડ વિમેન્સ એસોસિએશન (સેવા) સાથે હાથ મિલાવીને ગુજરાત અને રાજસ્થાનના ૧૨૩ ગામમાં પ્રોજેક્ટ જ્યોતિનો પ્રારંભ કર્યો છે. આ પ્રોજેક્ટ દ્વારા મહિલાઓને સોલર ફાનસ બનાવવાની તાલીમ પુરી પાડીને તથા અન્ય ગામડામાં આ ફાનસ સામાન્ય કિંમતે પુરા પાડી, આવકનું સાધન આપી આ ગામોમાં લોકોની જીવનશૈલી અને કામની પરિસ્થિતિમાં તફાવત સર્જ્યો છે.

ગુજરાતમાં પ્રોજેક્ટ જ્યોતિ સાબરકાંઠા જિલ્લાના ૨૩ ગામમાં અમલમાં છે અને તેના દ્વારા ૨૯૯૩ મહિલાઓનું સશક્તિકરણ થયું છે અને આ પ્રયાસને કારણે આજ સુધીમાં બીજા ૧૭૯૫૮ ગામ લોકોને ફાયદો થયો છે. એકંદરે ફાઉન્ડેશને ફાનસ બનાવવાની અને તેના ઉપયોગની પ્રવૃત્તિ દ્વારા અત્યાર સુધીમાં ગુજરાતની ૧૭ હજાર મહિલાઓનું સશક્તિકરણ કર્યુ છે. જ્યારે આ પ્રોજેક્ટ દ્વારા ગુજરાત અને રાજસ્થાનમાં ૯૧ હજારથી વધુ લોકોને લાભ થયો છે.

## ધનસુરામાં દિન દહાડે સોનાના અછોડાની તડફંચી

ધનસુરા, તા. ૨૮

ધનસુરા કૃષ્ણકુંજ સોસાયટીમાં વિદ્યાબેન બાબુભાઈ પટેલ સાંજે ૪.૦૦ કલાકે ઘર તરફ જતા હતા ત્યારે પલ્સર બાઈક સવાર આવતા ગળામાંથી ત્રણ તોલાનો સોનાનો દોરો તોડી પલ્સર બાઈક ઉપર ભાગી ગયા હતા. આ બાબત અંગે પોલીસ ફરિયાદ પણ નોંધાવેલ છે. પોલીસ તપાસ ચાલુ છે પરંતુ પોલીસ નિષ્ક્રિય જણાય છે. નાગરિકોની સલામતી રહી નથી જેથી લોકોમાં પોલીસ પ્રત્યે નારાજગી ફેલાવા પામી છે.

### કાનૂન અને કાયદો ● ૪ પાનાનું ચાલુ...

સંખ્યામાં ઘટાડો થશે. ઉપરાંત ટ્રાફિક જામના પ્રશ્નોનો પણ ઉકેલ મળશે. વ્યકિત સ્વયંમ શિસ્તથી પોતાની ફરજ સમજી પોતાની ભુલ કે ઉતાવળના કારણે અન્ય લોકોની જીંદગીને કે જાન માલને નુકશાન ના થાય તે જોવાની પ્રાથમિક ફરજ સામાન્ય વ્યક્તિની પ્રથમ છે અન્યને સુધારવા કરતા સ્વયંમથી નિયમબધ્ધ રીતે ટ્રાફિક નિયમોનું પાલન કરી વ્હિકલ હંકારવામાં આવે તો મોટા ભાગના પ્રશ્નો હલ થઈ જાય તથા અકસ્માતથી કોઈના કુટુંબમાં એક માત્ર કમાવનાર વ્યક્તિનું કમોત ટાળી શકાય અથવા તો ઓવર સ્પીડ ટાળી અકસ્માત નિવારી શકાય તથા ફેકચર તથા કાયમી અપંગતા ના બનાવો પણ ટાળી શકાય જે સામાન્ય વ્યક્તિના પોતાના હાથમાં છે. કાયદો કાયદાનું કામ કરશે પરંતુ સ્વચ્છ ભારત અભિયાનની જેમ નવા ટ્રાફિક નિયમોનું પાલ થાય તે જોવાનું આમ જનતા તથા ટ્રાફિક નિયમન કરતા પોલીસ અધિકારીનું છે. જીંદગી અનમોલ છે તેનો જતનથી ઉપયોગ કરવો એ માણસના હાથમાં છે.

### અંદાજપત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકો પોતપોતાની રજૂઆતો કરી ચુક્યા છે. વર્ષ ૨૦૧૪માં મે મહિનામાં સત્તામાં આવ્યા બાદ મોદી સરકાર તેનુ બીજુ સંપૂર્ણ બજેટ રજૂ કરનાર છે. જેમાં મધ્યમ વર્ગ, ખેડુત વર્ગ, અને યુવા વર્ગને ખુશ કરવાના પ્રયાસ કરવામાં આવી શકે છે. બજેટમાં વ્યક્તિગતો અને કંપનીઓને ટેક્સમાં કેટલીક રાહત મળી શકે છે. ટેક્સના સ્લેબ અથવા તો મુક્તિ મર્યાદાના પાસામાં ફરી સમીક્ષા કરવામાં આવી શકે છે. તેમાં ફેરફાર કરીને વ્યક્તિગતો અને કંપનીઓને કેટલીક રાહત સરકીદ્ધ આપી શકે છે. દેશમાં વધુ રોકાણ કરવા માટે કંપનીઓને પ્રોત્સાહન આપવા નવી પહેલ થઈ શકે છે. કોર્પોરેશન ટેક્સને લઈને પણ ગણતરી ચાલી રહી છે. ટેક્સ નિષ્ણાંતો માને છે કે મોદી સરકાર આ દિશામાં પહેલ કરી શકે છે. સત્તામાં આવ્યા બાદ તરત જ જુલાઈમાં નરેન્દ્ર મોદી સરકારે બજેટની રજૂઆત કરી હતી. બજેટમાં જેટલી સંરક્ષણ ક્ષેત્ર માટે ફાળવણીમાં વધારો પણ કરી શકે છે. આશરે ૧૦ ટકા વધારો સંરક્ષણ ફાળવણીમાં કરવામાં આવી શકે છે. મોદી સરકાર કેન્દ્રિય બજેટમાં આ અંગે મહત્વપૂર્ણ જાહેરાત કરી શકે છે. નરેન્દ્ર મોદી સરકાર રાજ્યોને વધારે સત્તા આપવા ઈચ્છુક દેખાઈ રહી છે. ભારતના વિકાસમાં રાજ્યોની ભૂમિકા વધારે મજબુત બને તેવી ઈચ્છા મોદી સરકાર ધરાવે છે. કેન્દ્રિય બજેટમાં આનો સંકેત આપવામાં આવી શકે. જુદા જુદા મંત્રાલયોના બજેટમાં પણ જંગી ઘટાડો કરવામાં આવી શકે છે. યોજના અને બિન યોજનાખર્ચ વચ્ચેના અંતરને લઈને નવી નિતી જાહેર કરવામાં આવી શકે છે. સામાજિક સેક્ટરને યોજના ફાળવણીમાં કાપ મુકાશે નહી પરંતુ રાજ્યોને આમાં ભૂમિકા અદા કરવા માટે કહેવામાં આવશે. જેટલી આવતીકાલે બજેટ રજૂ કરતી વેળા એક્સાઈઝ ડ્યુટીમાં રાહત આપે તેવી શક્યતા છે. ઉપરાંત સરકાર સર્વિસ ટેક્સના દરોમાં કાપ મુકી શકે છે.વિશ્વસનીય સુત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ મોદી સરકાર બજેટ રજૂ કરતી વેળા આ વખતે મેક ઈન ઈન્ડિયા કોન્સેપ્ટ પર ખાસ નજર રાખશે. બજેટમાં એક્સાઈઝ ડ્યુટીમાં મોટી રાહતો મળી શકે છે. ભારતમાં ઉત્પાદન કરવા અને વિદેશી અથવા તો સ્થાનિક કંપનીઓને કોઈ તકલીફ ન પડે તેની ખાતરી કરવામાં આવનાર છે. સરકાર દરેક બજેટમાં સર્વિસ ટેક્સની જાળને વધુ વિસ્તૃત કરે છે. આ પરંપરાને જાળવી રાખવાની બાબત સરળ રહેશે નહી. જુદા જુદા ક્ષેત્રો તરફથી છેલ્લા ઘણા દિવસથી માંગ કરવામાં આવી રહી હતી. સ્ટીલ સેકટરમાં મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવાની માંગ થઈ રહી હતી. પોઈન્ટ ઓફ સેલ ટ્રાન્ઝીકશન પર ટેક્સને નાબૂદ કરવાની વાત થઈ રહી છે. શિસ્તમાં રહેતા કરદાતાઓને રાહત આપવાના હેતુસર એચએનઆઈ પર વધારાના ટેક્સ લાગૂ કરવામાં આવી શકે છે. ડીઝલ કારના ઉપયોગ ઉપર પ્રદૂષણ સેસ લાગૂ કરવાની હિલચાલ દેખાઈ રહી છે. કૃષિને વિશેષ મહત્વ અપાઈ શકે છે.

### ક્રુર હત્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાનગી ટેક્સ કન્સલટન્ટ કંપનીમાં નોકરી કરતો હતો. પરમવિર સિંહે કહ્યું છે કે, આ હત્યાકાંડમાં હસનૈનની એક બહેન બચી ગઈ છે જે ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેની પુછપરછના આધાર પર નવી વિગત ખુલી શકે છે. પોલીસના કહેવા મુજબ શનિવારે મોડી રાત સુધી હસનૈનના આવાસ પર દાવત ચાલી રહી હતી. પરંતુ આશરે એક વાગ્યાની આસપાસ ઘરમાંથી ચીસોચીસના અવાજો સંભળાવવા લાગ્યા હતા. આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા. મોડાસુધી કોઈએ દરવાજા ન ખોલતા પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની માહિતી મળતાની સાથે જ થાણે પોલીસ ટુકડી ઘટનાસ્થલે પહોંચી ગઈ હતી. પોલીસને એવી શંકા છે કે, હસનૈને ખાવાની ચીજવસ્તુઓમાં માદક દ્રવ્યો મિલાવીને તમામને બેભાન કરી દીધા હતા. ત્યારબાદ તીક્ષ્ણ હથિયારથી ગળુ કાપીને તમામની હત્યા કરી દીધી હતી. આ જઘન્ય હત્યાકાંડને અમંજામ આપ્યા બાદ હસનૈને ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. પોલીસ દરવાજા તોડીને અંદર પ્રવેશી ત્યારે સમગ્ર ઘરમાં ચારેબાજુ લાશો પડેલી હતી. હાથમાં ચાકુ સાથે હસનૈનનો મૃતદેહ છત પર પંખા સાથે લટકેલી સ્થિતિમાં હતો. બચી ગયેલી મહિલા હત્યારાની બહેન હોવાનું જાણવા મળ્યું છે તેનું નિવેદન હજુ સુધી લઈ શકાયું નથી. કારણ કે ખુબ જ ભયભીત છે અને આઘાતમાં છે. પરિવારની આર્થિકરીતે સ્થિતિ નબળી નથી જેથી હત્યાના કારણો પાછળ કહેવું મુશ્કેલ દેખાઈ રહ્યું છે. હત્યારાનું નામ હસનૈન વારેકર છે. ઝેરનો ઉપયોગ કરીને પરિવારના સભ્યોની હત્યા કરી હોવાનું પ્રાથમિકરીતે જાણવા મળી રહ્યું છે. તમામ સેમ્પલ લઈને તપાસ હાથ ધરાઈ છે.

### સફળતા છૂપાયેલી છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરીક્ષામાં પ્રશ્ન એક વખત ન સમજાય તો ફરીવાર વાંચી જવા મોદીએ વિદ્યાર્થીઓને કહ્યું હતું. વિશ્વનાથન આનંદના સંદેશાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતુ કે, આનંદે ખુબ જ સારો સંદેશ આપેલો છે. જેમાં તે કહે છે કે, પરીક્ષા ચેસની રમતની જેમ છે. શાંત રહીને આત્મવિશ્વાસ જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. કોઈપણ દબાણ હેઠળ આવવાથી તકલીફ વધી શકે છે. મોદીએ કહ્યું હતુ કે, ચોક્કસ ટાર્ગેટોને લઈને આગળ વધવામાં આવે તે જરૂરી છે. વિદ્યાર્થીઓ પરીક્ષા સુધી મર્યાદિત રહે તે યોગ્ય નથી. અભ્યાસની સાથે સાથે આરોગ્ય ઉપર ધ્યાન પણ જરૂરી છે. સચિન તેંડુલકરે પોતાના સંદેશમાં કહ્યું હતું કે, તે પોતાના એક ટાર્ગેટને નક્કી કરીને આગળ વધ્યો હતો. વિદ્યાર્થીઓ પણ ટાર્ગેટ લઈને આગળ વધે તેવો સંદેશ સચિને આપ્યો હતો. મોદીએ મન કી બાત કાર્યક્રમનો સિલસિલો જારી રાખ્યો હતો. ૨૦૧૬માં પોતાના બીજા અને એકંદરે ૧૭માં મન કી બાત કાર્યક્રમમાં આજે મોદીએ મોટાભાગે પોતાનો સમય વિદ્યાર્થીઓ અને પરીક્ષા માટે આપ્યો હતો. આ વખતે મોદીએ એક શિક્ષકની જેમ પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓને જરૂરી સલાહ આપી હતી. કાર્યક્રમના છેલ્લે મોદીએ સોમવારે પોતાની પરીક્ષા હોવાની પણ વાત કરી હતી.